# હિસાબ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની નાણાં સમિતીની પચ્ચીસમી બેઠક (ઓનલાઈન/ઓફલાઈન માધ્યમથી) તા: ૨૭/૦૫/૨૦૨૪ ના રોજ બપોરે 03:30 કલાકે "યુનિવર્સિટી ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે માન. કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ મળેલ જેની કાર્યવાહી નોંધ :**

**તા: ૨૭/૦૫/૨૦૨૪ ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.**

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદો | સહી |
|---|---|---|---|
| ૧. | ડો. ઝેડ. પી. પટેલ | અધ્યક્ષ અને કુલપતિશ્રી, ન.કૃ.યુ., નવસારી | હાજર |
| ૨. | શ્રી એચ.બી. મારડીયા | સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | - |
| ૩. | શ્રી ડી.બી. નિમાવત | નાણાં સલાહકાર (કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર. | - |
| ૪. | ડો. આર. ડી. વશી | સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય, નવસારી. | હાજર |
| ૫. | ડો. અલ્કા સિંઘ | સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ., નવસારી. | હાજર |
| ૬. | ડો. એચ.વી.પંડ્યા | સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ., નવસારી. | હાજર |
| ૭. | ડો. તીમુર અહલાવત | આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ., નવસારી. | હાજર |
| ૮. | શ્રી ચિરાગ બી. નાયક | સભ્ય સચિવ અને હિસાબ નિયામક, ન,યુ.કૃ. નવસારી. | હાજર |

**સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) અને નાણાં સલાહકાર અનિવાર્ય સંજોગોમાં હાજર રહી શકયા ન હતા. જેમની ગેરહાજરીને માન્ય રાખવામાં આવી.**

સૌ પ્રથમ નાણાં સમિતિની **પચ્ચીસમી** બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મીટીંગ માટેનું જરૂરી કોરમ થતા, મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

**મુદ્દા નં. ૨૫.૧ તા. ૨૨/૧૨/૨૦૨૪ ના રોજ મળેલ ચોવીસમી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર થવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે **તા. ૨૨/૧૨/૨૦૨૪** ના રોજ "યુનિવર્સિટી ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે મળેલ નાણાં સમિતિની ચોવીસમી બેઠકની કાર્યવાહી નોંધના **મુદ્દા નં. ૨૪.૦૧ થી ૨૪.૦૮** સુધી વંચાણે લેવામાં આવ્યા અને જે સર્વાનુમતે માન્ય રાખી મંજૂર કરવામાં આવે છે."

**(અમલ :- હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૫.૨ તા.૨૨/૧૨/૨૦૨૪ ના રોજ મળેલ ચોવીસમી બેઠકની કાર્યવાહી નોંધના નિર્ણય ઉપર લેવાયેલ પગાલાની નોંધ લેવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની **તા. ૨૨/૧૨/૨૦૨૪** ના રોજ મળેલ ચોવીસમી બેઠકના **મુદ્દા નં. ૨૪.૦૧ થી ૨૪.૦૮** સુધી લેવાયેલ પગલાં અંગે નોંધ લીધી."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં.૨૫.૩ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો સને ૨૦૨૩–૨૪ નો વાર્ષિક હિસાબ મંજુર કરવા બાબત**.

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના સને ૨૦૨૩-૨૪ (તા. ૦૧.૦૪.૨૦૨૩ થી તા. ૩૧.૦૩.૨૦૨૪) ના વાર્ષિક હિસાબને નાણાં સમિતિ ગ્રાહ્ય રાખે છે અને નિયામક મંડળ સમક્ષ રજુ કરવા ભલામણ કરે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૫.૪ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની તમામ કચેરીના યુનિટ હેડ તેમજ હેડ ઓફ ઓફિસને સને ૨૦૨૪–૨૫ ના વર્ષ માટે કાયમી પેશગી રકમ ફાળવવા બાબત**.

"આથી ઠરાવવામાં આવે છે કે, હિસાબ નિયામકશ્રીના પરિપત્ર ક્રમાંક જા.નં. / નકૃયુ. / વહટ / ૧૧૨૨ /૨૦૨૪, તા.૨૩/03/૨૦૨૪ નાં કોલમ નં. ૭ માં જણાવ્યા પ્રમાણે જે તે કચેરીઓની માંગણીને ધ્યાને લઈ અત્રેની યુનિવર્સિટીની કચેરીઓના યુનિટ હેડને કાયમી પેશગીની રકમ સામેલ પરિપત્ર (એનેક્ષર-૧) માં જણાવેલ શરતો ને આધિન ફાળવી આપવામાં આવેલ છે. જેને નાણાં સમિતિ ધ્યાને લઈ ગ્રાહ્ય રાખે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૪.૫ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની પેન્શનની કામગીરી ચોકસાઈ પૂર્વક કરવા જૂનું ERP સોફ્ટવેરમાં કાર્યરત પેન્શનની કામગીરી બંધ કરી નવું URP સોફ્ટવેરમાં પેન્શન મોડ્યુલ ચાલુ કરવા બાબત**.

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની પેન્શનની કામગીરી ચોકસાઈ પૂર્વક કરવા જૂનું ERP સોફ્ટવેરમાં કાર્યરત પેન્શનની કામગીરી બંધ કરી નવું URP સોફ્ટવેરમાં પેન્શન મોડ્યુલ ચાલુ કરવામાં આવેલ છે. જેની નાણાં સમિતિ નોંધ લઈ ગ્રાહ્ય રાખે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૫.૬ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની GPFની કામગીરી ચોકસાઈ પૂર્વક કરવા જૂનું ERP સોફ્ટવેરમાં કાર્યરત GPFની કામગીરી બંધ કરી નવું URP સોફ્ટવેરમાં GPF મોડ્યુલ ચાલુ કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની GPFની કામગીરી ચોકસાઈ પૂર્વક કરવા જૂનું ERP સોફ્ટવેરમાં કાર્યરત GPFની કામગીરી બંધ કરી નવું URP સોફ્ટવેરમાં GPF મોડ્યુલ ચાલુ કરવામાં આવેલ છે. જેની નાણાં સમિતિ નોંધ લઈ ગ્રાહ્ય રાખે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૫.૭ યુનિવર્સીટીનાં TAN નંબર ઉપર આવકવેરા ની કપાત જમા કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની તમામ કચેરી ખાતે કરવામાં આવતી આવકવેરાની કપાત ફક્ત યુનિવર્સિટીના એકજ TAN No. ઉપર નાણાંકિય વર્ષ ૨૦૨૪-૨૫ ના વર્ષથી જમા કરવાની કાર્ય પધ્ધત્તિ અપનાવવામાં આવેલ છે. સદર કામગીરીની નાણાં સમિતિ નોંધ લઈ ગ્રાહ્ય રાખે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૫.૮ નવસારી કૃષિ યુનિવર્સિટીના સને: ૨૦૨૪–૨૫ ના વાર્ષિક વિકાસ કાર્યક્રમને બહાલી આપવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો ચાલુ નાણાંકીય વર્ષ: ૨૦૨૪-૨૫ ના વાર્ષિક વિકાસ કાર્યક્રમ અંતર્ગત વિકાસ ખર્ચ (Development charges) હેઠળ કૃષિ શિક્ષણ, વિસ્તરણ શિક્ષણ અને સંશોધનની કુલ અંદાજપત્રીય જોગવાઈ રૂ. ૯૦૯૫.00 લાખની મર્યાદામાં હાથ ધરવા માટેના "વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૨૪-૨૫" ને બહાલી આપવામાં આવે છે."

**(અમલ :– સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૫.૯ નાણાંકિય વર્ષ ૨૦૨૪–૨૫ ની વિકાસ ખર્ચ (પ્લાન)/સ્થાયી ખર્ચ (નોન પ્લાન) ની મંજુર થયેલ અંદાજપત્રીય જોગવાઈ મુજબ અમલ અંગે બહાલી આપવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, હસ્તકની વિકાસ ખર્ચ (પ્લાન) ની ચાલુ યોજનાઓ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સરકારશ્રી તરફથી ચાલુ બાબતો રૂ. ૮૬૩૧.00 લાખ (સ્ટેટમેન્ટ ૧૮.૪.૧ મુજબ) અને નવી બાબતો રૂ. ૪૬૪.00 લાખ (સ્ટેટમેન્ટ ૧૮.૪.૨ મુજબ) એમ મળીને કુલ રૂ. ૯૦૯૫.00 લાખ મંજુર થયેલ છે. તેમજ સ્થાયી ખર્ચ (નોન પ્લાન) માટે રૂ. ૧૧૦૯૩.00 લાખ (સામેલ પત્રક ૧૮.૪.૩) ને અંદાજપત્રીય જોગવાઈ મુજબ અમલ કરવા આથી બહાલી આપવામાં આવે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી અને સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૫.૧૦ નાણાંકિય વર્ષ ૨૦૨૪–૨૫ ની અંદાજપત્રીય જોગવાઈમાં વિકાસ ખર્ચ હેઠળ મંજૂર થયેલ નવા કાર્યક્રમોનો અમલ કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તક વર્ષ ૨૦૨૪-૨૫ ની અંદાજપત્રીય જોગવાઇમાં વિકાસ ખર્ચ હેઠળ વિભાગ-૧ અંતર્ગત મંજુર થયેલ નવા કાર્યક્રમો (સામેલ સ્ટેટમેન્ટ ૧૮.૫.૧ મુજબ) ને અમલ કરવાની બહાલી આપવામાં આવે છે."

**(અમલ :– સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૫.૧૧ નાણાંકિય વર્ષ ૨૦૨૪–૨૫ ની અંદાજપત્રીય જોગવાઈમાં વિકાસ ખર્ચ હેઠળ મંજૂર થયેલ નવા બાંધકામનો અમલ કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તક વર્ષ ૨૦૨૪-૨૫ ની અંદાજપત્રીય જોગવાઇમાં વિકાસ ખર્ચ હેઠળ વિભાગ-૧ અંતર્ગત મંજુર થયેલ નવા બાંધકામ (સામેલ સ્ટેટમેન્ટ ૧૮.૬.૧ મુજબ) નો અમલ કરવાની બહાલી આપવામાં આવે છે.

**(અમલ :– સંશોધન નિયામકશ્રી)**

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્ય સચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી.

**સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.**

**સભ્ય સચિવ અને હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**જા.નં.નકૃયુ/હિનિ/પી.એ./૧૭૧૪/૨૦૨૪**
**તા.૨૭/૦૫/૨૦૨૪**

**નકલ સવિનય રવાના:-**

**૧.** શ્રી એચ.બી. મારડીયા, સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
**૨.** શ્રી ડી.બી. નિમાવત, નાણાં સલાહકાર (કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
**૩.** ડો. આર. ડી. વશી, સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય, નવસારી.
**૪.** ડો. અલ્કા સિંઘ, સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ નવસારી.
**૫.** ડો. એચ.વી.પંડયા, સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ. , નવસારી.
**૬.** ડો. તીમુર અહલાવત, આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ. , નવસારી.
**૭.** માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની નાણાં સમિતીની છવ્વીસમી બેઠક (ઓનલાઈન/ઓફલાઈન માધ્યમથી) તા: ૨૭/૧૨/૨૦૨૪ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે "યુનિવર્સિટી ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે માન. કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ મળેલ જેની કાર્યવાહી નોંધ :**

**તા: ૨૭/૧૨/૨૦૨૪ ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.**

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદો | સહી |
|---|---|---|---|
| ૧. | ડો. ઝેડ. પી. પટેલ | અધ્યક્ષ અને કુલપતિશ્રી, ન.કૃ.યુ., નવસારી | હાજર |
| ૨. | શ્રી પી. ડી. પલસાણા | સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | - |
| ૩. | શ્રી ડી.બી. નિમાવત | નાણાં સલાહકાર (કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર. | - |
| ૪. | ડો. આર. ડી. વશી | સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય, નવસારી. | હાજર |
| ૫. | ડો. રાજેન્દ્ર એમ. નાયક | સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ., નવસારી. | હાજર |
| ૬. | ડો. એચ.એમ. વિરડીયા | સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ., નવસારી. | હાજર |
| ૭. | ડો. તીમુર અહલાવત | આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ., નવસારી. | હાજર |
| ૮. | શ્રી ચિરાગ બી. નાયક | સભ્ય સચિવશ્રી અને હિસાબ નિયામક ન.કૃ.યુ, નવસારી. | હાજર |

**સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) અને નાણાં સલાહકાર અનિવાર્ય સંજોગોમાં હાજર રહી શકયા ન હતા. જેમની ગેરહાજરીને માન્ય રાખવામાં આવી.**

સૌ પ્રથમ નાણાં સમિતિની **છવ્વીસમી** બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મીટીંગ માટેનું જરૂરી કોરમ થતા, મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

**મુદ્દા નં. ૨૬.૧ તા. ૨૭/૦૫/૨૦૨૪ ના રોજ મળેલ પચ્ચીસમી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર થવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે **તા. ૨૭/૦૫/૨૦૨૪** ના રોજ "યુનિવર્સિટી ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે મળેલ નાણાં સમિતિની પચ્ચીસમી બેઠકની કાર્યવાહી નોંધના **મુદ્દા નં. ૨૫.૧ થી ૨૫.૧૧** સુધી વંચાણે લેવામાં આવ્યા અને જે સર્વાનુમતે માન્ય રાખી મંજૂર કરવામાં આવે છે."

**(અમલ :- હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૬.૨ તા.૨૭/૦૫/૨૦૨૪ ના રોજ મળેલ પચ્ચીસમી બેઠકની કાર્યવાહી નોંધના નિર્ણય ઉપર લેવાયેલ પગાલાની નોંધ લેવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની **તા. ૨૭/૦૫/૨૦૨૪** ના રોજ મળેલ પચ્ચીસમી બેઠકના **મુદ્દા નં. ૨૫.૧ થી ૨૫.૧૧** સુધી લેવાયેલ પગલાં અંગે નોંધ લીધી."

**(અમલ :- હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં.૨૬.૩ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના સ્થાયી ખર્ચનું સૂચિત અંદાજપત્રીય જોગવાઈ મંજૂર કરવા બાબત**.

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સને ૨૦૨૫-૨૬ નાં વર્ષના સ્થાયી ખર્ચ(નોન પ્લાન) ના કુલ અંદાજે રૂ.૧૨૪.૨૩ (કરોડ) તૈયાર કરવામાં આવેલ છે. જેમાંથી સરકારશ્રીના બજેટ સદર વાઈઝ સૂચિત આવક રૂ. ૩.૧૪ (કરોડ) બાદ કરી નેટ અંદાજ રૂ.૧૨૧.૦૯ (કરોડ) ના અંદાજે ની દરખાસ્ત સરકારશ્રીમાં જરૂરી નાણા માટે રજુ કરવામાં આવેલ છે. (એનેક્ષર-૧) જેને નિયામક મંડળ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવેલ છે. જેની નાણાં સમિતિએ નોંધ લીધી છે. "

**(અમલ :- હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૬.૪ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ ની વિકાસ ખર્ચની ચાલુ યોજનાઓની સુચિત અંદાજપત્રીય જોગવાઇની બહાલી આપવા બાબત**.

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની વિકાસ ખર્ચ (પ્લાન) ની નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ચાલુ યોજનાઓ માટે સરકારશ્રીમાં રજુ કરેલ રૂ|.૧૧૫૧૯.૦૦ લાખની (સામેલ પત્રક ૨૬.૪.૧ મુજબ) અંદાજપત્રીય જોગવાઇની કાર્યોત્તર બહાલી આપવામાં આવે છે."

**(અમલ :- સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૬.૫ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના વર્ષનું સ્થાયી અને વિકાસ ખર્ચની સુધારેલ અંદાજપત્રીય મંજૂર કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનું સને ૨૦૨૪-૨૫ ના વર્ષનું સ્થાયી ખર્ચ(નોન પ્લાન) અને વિકાસ ખર્ચ(પ્લાન) યોજનાઓનું કુલ સુધારેલ અંદાજ (રીવાઈઝ બજેટ) રૂ.૨૦૫૨૮.૮૫ (લાખ) થાય છે જેમાંથી સૂચિત કુલ આવક રૂ. ૬૦૯.૫૬ (લાખ) બાદ કરી કુલ નેટ અંદાજ રૂ.૧૯૯૧૯.૨૯ (લાખ) સરકારશ્રીમાં રજુ કરવામાં આવેલ છે. જેને ગ્રાહ્ય રાખી નાણાં સમિતિ સંચાલક મંડળમાં રજૂ કરવા ભલામણ કરે છે."

**(અમલ :- હિસાબ નિયામકશ્રી અને સંશોધન નિયામકશ્રી)**

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્ય સચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી.

**સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.**

**સભ્ય સચિવ અને હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**જા.નં.નકૃયુ/હિનિ/પી.એ./૩૮૭૩/૨૦૨૪**
**તા.૨૭/૧૨/૨૦૨૪**

**<u>નકલ સવિનય રવાના:–</u>**

**૧.** શ્રી પી. ડી. પલસાણા, સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
**૨.** શ્રી ડી.બી. નિમાવત, નાણાં સલાહકાર (કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
**૩.** ડો. આર. ડી. વશી, સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય, નવસારી.
**૪.** ડો. રાજેન્દ્ર એમ. નાયક, સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ નવસારી.
**૫.** ડો. એચ.એમ. વિરડીયા, સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ. , નવસારી.
**૬.** ડો. તીમુર અહલાવત, આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ. , નવસારી.
**૭.** માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.